# સ્ટેશન પાછળના દબાણો હટાવાયા

## મહાનગરપાલિકાની ટીમ દ્વારા દબાણો અને ઝૂંપડા દૂર કરવામાં આવ્યા





ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરના મધ્ય ઝોનમાં હોટલ લીલાની પાછળ સેકટર - ૧૪માં છેલ્લા ઘણા સમયથી ગેરકાયદેસર બાંધેલા ગાયો ભેંસોના ૨૦ જેટલા વાડાઓ તેમજ ઝુંપડાઓનું દબાણ દૂર કરવામાં આવ્યું છે. મહાનગર પાલિકાના ૧૦ અધિકારીઓ તેમજ ૩૦ મજૂરની ટીમે જહેમત ઉઠાવીને બેજી.સી.બી મશીનની મદદથી ૨૦ ઝૂંપડા અને ૨૦ ઢોરવાડા દૂર કરવામાં આવ્યા હતા. શહેરમાં ગંદકી ફેલાવતા આ દબાણો ગાંધીનગર મહાનગર પાલિકાની એસ્ટેટ શાખાની ટીમ દ્વારા ભારે જહેમત ઉઠાવીને હટાવવામાં આવ્યા હતા. સદર વિસ્તારમાં દબાણ કરીને ૨૦ પરિવાર દ્વારા ઝૂંપડાઓ બનાવવામાં આવ્યા હતા જેમાં અંદાજે ૧૫૦ ગાયો, ૭૦-૮૦ ભેંસો તથા ૫૦-૬૦ બકરાઓ રાખવામાં આવ્યા હતા. જેને મહાનગરપાલિકાની ટીમ દ્વારા હટાવવામાં આવ્યા છે.

# ગાંધીનગરમાં ૧૭મીથી જી-૨૦ના નાણામંત્રીઓની બેઠક યોજાશે

## કેન્દ્રિય નાણા પ્રધાન નિર્મલા સીતારમન અને ભારતીય રીઝર્વ બેન્કના ગર્વનર શક્તિકાંત દાસ ૧૭-૧૮ જુલાઈના રોજ યોજાનાર બેઠકની અધ્યક્ષતા કરશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર ફરીથી જી-૨૦ની બેઠકથી ધમધમી ઉઠશે. આગામી ૧૭-૧૮ જુલાઈના રોજ યોજાનારી બેઠકની અધ્યક્ષતા કેન્દ્રિય નાણા પ્રધાન નિર્મલા સીતારમન અને ભારતીય રિઝર્વ બેન્કના ગર્વનર શક્તિકાંત દાસ કરશે.

આ બેઠકમાં જી-૨૦ દેશોના નાણાપ્રધાનો અને સેન્ટ્રલ બેન્કના ગર્વનરો ઉપસ્થિત રહેશે. મળતી માહિતી મુજબ આ બેઠકમાં ૬૬ જેટલા પ્રતિનિધિ મંડળો ભાગ લેશે.

આ બેઠકમાં વૈશ્વિક અર્થતંત્ર અને આંતરરાષ્ટ્રીય નાણાંકીય માળખાને લગતા અનેક મુદ્દાઓ પર ચર્ચા થશે. આ બેઠકો ભારતની અધ્યક્ષતામાં જી-૨૦માં થઈ રહી છે. ગાંધીનગરમાં યોજાનારી બેઠકની અધ્યક્ષતા કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ બાબતોના પ્રધાન નીર્મલા સીતારમન કરવાના હોઈ સમગ્ર તંત્ર તૈયારીમાં વ્યસ્ત બન્યુ છે.

બે દિવસ યોજાનારી બેઠકના વિવિધ સત્રોમાં વૈશ્વિક અર્થતંત્ર અને આરોગ્ય, ટકાઉ ફાઈનાન્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આંતરરાષ્ટ્રીય નાણાંકીય આર્કિટેક્ચર, આંતરરાષ્ટ્રીય કરવેરા જેવા મુદ્દાઓને આવરી લઈ ચર્ચાઓ યોજાશે.

આ ઉપરાંત ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણકારો માટે સંવાદ યોજાશે. કરચોરી, ભ્રષ્ટ્રાચાર અને મની લોન્ડરીંગ સામે લડત અને ક્રિપ્ટો અસ્કયામતો પર રાઉન્ડ ટેબલ ચર્ચા થશે.

જી-૨૦ની બેઠકમાં મોટી સંખ્યામાં વિદેશી પ્રતિનિધિઓ આવવાના હોવાથી પોલીસતંત્રએ બંદોબસ્ત સહિતની તૈયારીઓ વધારી દીધી છે. જી-૨૦ના હોર્ડીંગ્સ ઠેર ઠેર જોવા મળી રહ્યા છે. સમગ્ર તંત્ર આ બેઠકની તૈયારી માટે દિવસ-રાત મહેનત કરી રહ્યુ છે.

# આડેધડ વાહન પાર્ક કરનાર સામે હવે મનપા દંડનીય કાર્યવાહી હાથ ધરશે

## જાહેર માર્ગો અને કોમ્પલેક્ષ એરિયામાં આડેધડ પાર્કિંગ સાંખી નહિ લેવા તંત્રએ ખાસ રોડમેપ તૈયાર કર્યો

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મનપા દ્વારા હવે જાહેરમાં આડેધડ પાર્કિંગ કરનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરવા માટેનું મન બનાવી લીધુ છે અને આ માટે તંત્રને પણ તાકીદ કરી દેવામાં આવી છે.

શહેરમાં ખાસ કરીને મોટા કોમ્પલેક્ષો જે બન્યા છે તેમાં બેઝમેન્ટ પાર્કિંગ ફરજીયાત હોવા છતા તેનો અમલ થયો નથી. પરિણામે શહેરમાં પાર્કિંગની સમસ્યા ઘેરી બની છે.

મનપા દ્વારા પાર્કિંગ પોલીસી તૈયાર થઈ રહી છે અને બેઠકોનો દોર ચાલે છે પરંતુ આખરી નિર્ણય થઈ શક્યો નથી. સતત તેમાં સુધારાઓ સુચવવામાં આવી રહ્યા છે.

બીજી તરફ શહેરમાં જે રીતે પાર્કિંગની સમસ્યા વિકરાળ બનીને ઉભરી આવી છે ત્યારે તંત્રએ હવે વાહન માલિકોને જ દંડ ફટકારવાનો નિર્ણય કર્યો છે. એટલુ જ નહિ આ પછી પણ આક્રમક પગલાં લેવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

શહેરના કોમ્પલેક્ષો ઉપરાંત જાહેર સ્થાનો પર પણ પાર્કિંગની સમસ્યા ઘેરી બની છે. મળતી વિગતો પ્રમાણે તંત્રએ શહેરના મુખ્ય માર્ગો પર પ્રથમ તબક્કે આ ઝુંબેશ હાથ ધરવાનો નિર્ણય કર્યો છે. આ માટેની કાર્યવાહી સોમવારથી આરંભી દેવામાં આવશે.

શહેરના જાહેર માર્ગો પછી શહેરના વિવિધ કોમ્પલેક્ષના એરિયા કવર કરવામાં આવશે. તંત્રએ આ કાર્યવાહી માટેનો રોડમેપ પણ તૈયાર કરી દીધો હોવાનું જાણવા મળેલ છે.

સુઆયોજિત નગર તરીકે ઓળખ ધરાવતા પાટનગરમાં જ ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યાને લઈ તંત્ર હવે પીછેહઠ કરવાના મૂડમાં પણ નથી. ગાંધીનગર શહેરની અલાયદી પાર્કિંગ પોલીસીને લઈ પણ તંત્ર દ્વારા હવે તેની કવાયત તેજ બનાવી છે.

શહેરમાં છેલ્લા કેટલાય વખતથી આડેધડ પાર્કીંગની ફરિયાદો વ્યાપક પ્રમાણમાં ઉઠી છે. ખાસ કરીને વેપારી સંકુલો, જાહેર સ્થાનો અને પાર્ટી પ્લોટની આસપાસ આડેધડ પાર્કીંગના પગલે ટ્રાફીકની સમસ્યા ઉભી થાય છે. પોલીસ તંત્રની સાથે મહાનગરપાલિકા તંત્ર પણ હવે આડેધડ પાર્કીંગની સમસ્યા સંદર્ભે સતર્ક બન્યું છે.

# ૬ આઈપીએસ અને ૨ ડીવાય એસપીની બદલીના હુકમો

## રાજ્ય પોલીસ દળમાં ફરજો બજાવતા સીધી ભરતીના આઈ પી એસ અધિકારીઓની જાહેર હિતમાં ગૃહ વિભાગે બદલી કરી છે

ગાંધીનગર, તા.૧૪

રાજ્યમાં વધુ ૬ IPS અધિકારીઓને બદલીના આદેશ અપાયા છે. આપને જણાવીએ કે, ૬ આઈ પી એસની બદલી કરાઈ છે જ્યારે ૨ ડીવાયએસપીની બદલી કરાઈ છે. રાજ્ય પોલીસ દળમાં ફરજો બજાવતા સીધી ભરતીના આઈ પી એસ અધિકારીઓની જાહેર હિતમાં ગૃહ વિભાગે બદલી કરી છે. બિશાખા જૈનને ગાંધીનગરથી મદદનીશ પોલીસ અધિક્ષક, લીમખેડા મોકલાયા છે જ્યારે રાઘન જૈનને મદદનીશ પોલીસ અધિક્ષક તરીકે દ્વારકા મોકલાયા છે

નિધિ ઠાકુરની મદદનીશ પોલીસ અધિક્ષક તરીકે કામરેજ ખાતે બદલી કરાઈ છે. કોરૂકોંડા સિદ્ધાર્થને મદદનીશ પોલીસ અધિક્ષક તરીકે દાહોદ ખાતે મોકલવામાં આવ્યા છે. ડીવાયએસપી વરુણ વસાવાને નાયબ પોલીસ અધિક્ષક તરીકે સ્ટેટ ટ્રાફિક બ્રાંચ, ગાંધીનગર ખાતે બદલી કરાઈ છે. જયવીરસિંહ એન ઝાલાની વિભાગીય પોલીસ અધિકારી જામનગર તરીકે બદલી કરાઈ છે.

ગઈકાલે અરવલ્લીના જિલ્લા વિકાસ અધિકારી કે એન શાહની સહકાર વિભાગના રજીસ્ટ્રાર તરીકે બદલી કરાઈ હતી જ્યારે દિપેશ કેડિયાને પ્રોજેક્ટ એડમિનિસ્ટ્રેટર ટ્રાઈબલ એરીયા - અરવલ્લીને જિલ્લા વિકાસ અધિકારીનો વધારોનો હવાલો સોંપાયો હતો.

# ઘ-૦ થી રીલાયન્સ ચોકડી તરફના માર્ગનુ રીસરફેસીંગ કરવા દરખાસ્ત

## વરસાદી દિવસોમાં હાલ તંત્રએ શહેરના વિવિધ માર્ગો પર પેચવર્કનુ કામ હાથ ધર્યુ : વરસાદના લીધે ધોવાણ થયેલા ૧૦ કી મી વિસ્તારમાં પેચવર્ક કરાયુ

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં વરસાદી મોસમ નિખરતા શહેરમાં માર્ગોનુ ધોવાણ શરૂ થઈ ગયુ છે. જયારે મોટાભાગના માર્ગો પર ડામર કાંકરી છુટા પડી ગયા હોવાનુ પણ જોવા મળે છે. જયારે આ સ્થિતિને ધ્યાનમાં રાખી માર્ગોને યોગ્ય કરવા માટે તંત્રએ કામગીરી શરૂ કરી દીધી છે. શહેરના વિવિધ માર્ગોને અનુલક્ષી ડામર પેન્ટીંગ અને પેચવર્કનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે ઘ-૦ થી રીલાયન્સ ચોકડી તરફના માર્ગોનુ પણ નવિનીકરણ કરવા માટે પણ દરખાસ્ત કરવામાં આવી છે. આ માર્ગ વારંવાર ઉબડ ખાબડ બનતા થાગડ થીગડથી કામ ચાલે તેમ ન હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે.

ગાંધીનગરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ દોઢ દાયકાના અંતે સેકટરોના આંતરિક માર્ગો હવે પાટનગર યોજના ભવન હસ્તક રહ્યા નથી. સેકટરોના આંતરિક માર્ગોની મરામત અને જાળવણીની જવાબદારી કોર્પોરેશનને સોંપી દેવામાં આવી છે. જો કે હાલ પાણી ગટર લાઈનના પ્રોજેકટની કામગીરી ચાલુ હોવાથી નિયત સમય પુરો થઈ ગયો હોવાછતા પણ સેકટરોના આંતરિક માર્ગોનુ પેવર કામ હાથ ધરવામાં આવ્યુ નથી જયારે વરસાદી દિવસોમાં આંતરિક માર્ગો સ્થાનિકો માટે પરેશાનીનુ કારણ બન્યા છે. જેના લીધે માર્ગ સલામતી પણ જોખમાઈ છે. શહેરના માર્ગો ધુળિયા બની ગયા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. શહેરના મુખ્યમાર્ગો આસપાસ પણ સતત એક યા બીજા કારણોસર ચાલતા ખોદકામના લીધે માર્ગોની દશા ખરાબ થઈ છે. આ ઉપરાંત નિયત સમયના અંતે ઘણાં રસ્તાઓને રીસરફેસીંગ હેઠળ પણ આવરી લેવાની અનિવાર્યતા છે. જો કે માર્ગોની ખરાબ હાલત નીચા ભાવના ટેન્ડરના લીધે પણ થતી હોવાનુ ચર્ચા સ્થાને છે. જયારે જે કામ પાછળ જરૂરી રકમનો ખર્ચ થાય તેમ હોય ત્યારે તેટલી રકમ પણ ખર્ચાતી ન હોવાથી આ કામગીરીની ગુણવત્તા સામે પણ રાતોરાત સવાલ મંડરાય તેવી સ્થિતિ ઉદભવે છે. શહેરના મુખ્ય માર્ગો પર હાલ વરસાદના લીધે ડામર કાંકરી ઉખડી ગયા છે તેવા

● અનુસંધાન પાન-૭ પર

# શહેરની પ્રા. શાળાના શિક્ષકોની જ શ્રેયાન યાદી જાહેર ન થઈ

ગાંધીનગર, તા. ૧૪

આગામી ૨૬મી થી શિક્ષકોની જિલ્લા આંતરિક બદલીનો કેમ્પ યોજાવાનો છે પણ ગાંધીનગર શહેરના શિક્ષકોની સિનીયોરીટીની યાદી જાહેર ના થતાં શિક્ષકોમાં કચવાટ સાથે દુઃખની લાગણી પ્રસરી જવા પામી છે.

ગાંધીનગર શહેરમાં આવેલી ૩૨ પ્રા. શાળાઓના શિક્ષકોની સિનીયોરીટી યાદી તૈયાર ન થવા પાછળના કારણો શું તેની ચર્ચાઓએ જોર પકડ્યુ છે.

શહેરમાં આવેલી ૩૨ પ્રા. શાળાઓ હાલ સરકાર હસ્તક છે અને આ શાળાઓના જ શિક્ષકોની યાદી ન બનતાં શિક્ષણજગતમાં પણ ખૂણે ખાંચરે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. કેટલાક શિક્ષકોએ બદલી માટે જિલ્લામાં કરેલી અરજીઓ રદ કરી અને મનપામાં અરજીઓ કરી છે પણ મનપાને હજુ શિક્ષણની સેવા સરકારે સોંપી નથી એટલે શિક્ષકોની હાલત કફોડી બની જવા પામી છે.

ગાંધીનગર શહેર માટે અલગ શાસનાધિકારીની કચેરી કાર્યરત કરાઈ છે પરંતુ અહિ કોઈ જ સિનીયોરીટી યાદી નથી. ગાંધીનગરમાંથી જ અપાયેલી સૂચનાનો ગાંધીનગરમાં જ અમલ ન થયો હોવાથી શિક્ષકોમાં ભારે ગણગણાટ જોવા મળી રહ્યો છે.



આત્મનિર્ભર - પેટીયું રળવા બાળપણથી જ કેવી-કેવી પ્રકારની મહેનત કરવી પડે છે એની આ છે બોલતી તસવીર... શ્રમિક પરિવારનું નાનકડું સંતાન સવારથી સાંજ કાગળ-પસ્તી અને વેસ્ટ વીણીને પેટીયું રળે છે... હજારોના બાળપણ હજુ પણ આ જ માર્ગે ચાલીને જીવનનો આરંભ કરે છે... ભણવાના સમયે મજૂરી કરવાનો દિવસ ક્યારે પૂરા થશે એતો ખબર નથી પણ ચાની લારી પર, માર્ગોના ઢાબાઓ પર, નાના મોટા જાહેર સ્થાનો પર મજૂરી કરતા બાળમજૂરની સંખ્યા પણ ચિંતાજનક છે... કેટલાય બાળકો સવારથી કામમાં જોતરાય છે ત્યારે સરકાર અને સમાજ આ બાળપણને વિદ્યાલય સુધી પહોંચાડવામાં સેતુની ભૂમિકા ભજવે એવો સમય આવી પહોંચ્યો છે...

# ચરેડી થી સ્મશાન તરફના ઉબડ ખાબડ રૂટમાં સીસી રોડ બનશે

## એશના લીધે માર્ગની દશા ખરાબ : સ્ટોર્મ વોટર લાઇનનો પણ અભાવ : વરસાદી પાણીના નિકાલની લાઇન નાંખવા માટે પણ કોર્પોરેશનને પત્ર : સી સી રોડના કામ માટે વિભાગને દરખાસ્ત

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં છેલ્લા બે વર્ષથી માર્ગોની દશા અત્યંત ખરાબ બની છે. શહેરમાં પાણી ગટર ઉપરાંત વરસાદી પાણીના નિકાલની લાઈન સંદર્ભે ઠેર ઠરે ખોદકામ હાથ ધરવામા આવ્યુ છે. જયારે મુખ્યમાર્ગો વચાળે પણ મેટ્રો રેલ પ્રોજેકટની કામગીરી ચાલી રહી છે. આ સ્થિતિ વચ્ચે વરસાદી મોસમે પણ જમાવટ કરતા માર્ગોનુ ધોવાણ થતા વિવિધ રસ્તાની હાલત દિનપ્રતિદિન અત્યંત ખરાબ બનતી જાય છે. ત્યારે ચરેડી થી સ્મશાન તરફ જતા માર્ગની સમસ્યા કાંઈક અલગ છે. આ માર્ગ પર ઉડતી એશના લીધે ડામર રસ્તાની સમસ્યા વધુ પેચીદી બની છે જયારે વરસાદી પાણીના નિકાલની લાઈનના અભાવે પણ પાણીનો ભરાવો થતા માર્ગને નુકશાન થાય છે. આ સ્થિતિ વચ્ચે આ રૂટમાં સ્ટોર્મ વોટર લાઈનનુ કામ હાથ ધરવા તેમજ સી સી રોડ તૈયાર કરવા માટે પણ તંત્રએ વિભાગને દરખાસ્ત કરી છે.

ગાંધીનગરમાં સેકટરોની જેમ મુખ્યમાર્ગોનુ પણ નિયત સમયના અંતે રીસરફેસીંગ જરૂરી હોવાથી તંત્ર દ્વારા તબક્કાવાર માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવે છે. શહેરના મુખ્યમાર્ગો પૈકી સાત ઉભા અને સાત આડા માર્ગો હજુ પાટનગર યોજના વિભાગ હસ્તક છે. જયારે સેકટરોના આંતરિક માર્ગો કોર્પોરેશનને સોંપી દેવામાં આવ્યા છે. ત્યારે શહેરમાં પાણી ગટર લાઈન નવી નાંખવાના પ્રોજેકટના લીધે માર્ગ સુધારણાની કામગીરી પ્રભાવિત થઈ છે. એકબાજુ ખોદાણના લીધે માર્ગોની હાલત ખરાબ થઈ છે. વરસાદી પાણીના નિકાલની લાઈનના ટુકડા જોડવા માટે પણ ખોદાયેલા માર્ગો ચિથરેહાલ બન્યા છે ત્યારે મુખ્યમાર્ગોને અનુલક્ષીને પણ રીસરફેસીંગની કામગીરી અનિવાર્ય બની છે. આ સ્થિતિ વચ્ચે ચરેડી થી સ્મશાન તરફ જવાના માર્ગ પર જી ઈ બી ની એશના લીધે માર્ગની હાલત અત્યંત ખરાબ બની છે. આ વિસ્તારમાં સ્ટોર્મ વોટર લાઈનના અભાવે પણ ચોમાસામાં વરસાદી પાણીનો ભરાવો વિશેષ થાય છે જેના લીધે માર્ગની દશા વધુ ખરાબ થાય છે. ત્યારે આ સ્થિતિનો કાયમી નિકાલ કરવા માટે પાટનગર યોજના ભવન દ્વારા આ વિસ્તારમાં સ્ટોર્મ વોટર લાઈન નાંખવા માટેની કામગીરી હાથ ધરવા માટે કોર્પોરેશનને પત્ર લખી

● અનુસંધાન પાન-૭ પર

# ગૌણ સેવાની પાંચ પરિક્ષામાં ઉમેદવારોએ સંમતિ પત્ર ઓનલાઈન ભરવાના રહેશે

ગાંધીનગર, તા.૧૪

ગૌણ સેવા પસંદગી મંડળે આગામી યોજાનારી પાંચ પરીક્ષાઓ અંગે મહત્વનો નિર્ણય લીધો છે. રાજયમાં યોજાનારી આગામી પાંચ સરકારી ભરતીની પરીક્ષાઓ માટે સંમતિપત્ર ફરજિયાત કરાયા છે

આ તમામ પરીક્ષાઓ માટે ૧૭થી ૨૭ જુલાઈ સુધીમાં પરીક્ષાર્થીઓએ સંમતિપત્ર ઓનલાઈન ભરવાના રહેશે. આ સંમતિપત્ર બોર્ડની વેબસાઈટ પર ઓનલાઈન ભરી શકાશે.

મહત્વનું છે કે, ગૌણ સેવાની જુનિયર સાયન્ટિફિક આસિસ્ટન્ટ, મદદનીશ ગ્રંથપાલ અને વર્ક આસિસ્ટન્ટની પરીક્ષા ૨૦ ઓગસ્ટે યોજાનાર છે. તેવામાં પરીક્ષાર્થીઓના ભરાયેલા ફોર્મ અને પરીક્ષા આપનાર ઉમેદવારો વચ્ચેના તફાવતને ઓળખી પરીક્ષા વ્યવસ્થાના સંચાલન માટે સંમતિ પત્ર ફરજિયાત કરાયા છે

# બોર્ડ પરીક્ષામાં નબળું પરિણામ ધરાવતી શાળાઓ સંદર્ભે શિક્ષણ તંત્ર સફાળું જાગ્યું

## જિલ્લામાં જીરો ટકા પરિણામ ધરાવતી ૪ અને ૩૦ ટકાથી નીચું પરિણામવળી ૧૭ શાળાઓ સામે પગલાં લેવાશે

ગાંધીનગર તા ૧૪

ગત માર્ચ મહિનામાં લેવાયેલી બોર્ડ ની પરીક્ષાનું પરિણામ જાહેર થયાના અંતે જિલ્લામાં શુન્ય પરિણામ ધરાવતી ૪ અને ૩૦ ટકાથી નીચું પરિણામ ધરાવતી ૧૭ શાળાઓ છે જ્યારે અત્યંત નબળું પરિણામ ધરાવતી આ શાળાઓ સંદર્ભે શિક્ષણ મંત્રીએ શિક્ષકો સામે તેમજ અનુદાનિત શાળામાં ગ્રાન્ટ કાપવા અને ખાનગી શાળામાં માન્યતા રદ કરવા સુધી વિચારણા હાથ ધરી છે જેના લીધે સમગ્ર શિક્ષણ તંત્ર પણ સફાળા જાગૃત થઈ હરકતમાં આવી ગયું છે

બોર્ડ કસોટીના અંતે જેશાળામાં માન્યતા રદ કરવા સુધી વિચારણા હાથ ધરી છે જેના લીધે સમગ્ર શિક્ષણ તંત્ર પણ સફાળા જાગૃત થઈ હરકતમાં આવી ગયું છે

બોર્ડ કસોટીના અંતે જે શાળાઓનું પરિણામ શુન્ય આવ્યું છે, તેના કિસ્સામાં શાળાના પ્રકાર મુજબ કાર્યવાહી કરાશે તેમ પણ જણાવયું છે . આ મામલે જિલ્લાનું શિક્ષણ તંત્ર પણ હરકતમાં આવી ગયું છે. શિક્ષણ વિભાગે બોર્ડની પરીક્ષાના પરિણામ સંદર્ભે પણ પરિણામલક્ષી અહેવાલ સુપ્રત કરવા જિલ્લા કક્ષાએ સૂચના આપવામાં આવી છે . ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષાના પરિણામ જાહેર થયા બાદ આંકડાકીય માહિતી પણ સ્પષ્ટ થઈ હતી જે મુજબ ગાંધીનગર જિલ્લામાં ગત વર્ષની સરખામણીએ શુન્ય પરિણામ ધરાવતી શાળાની સંખ્યામાં ૨

● અનુસંધાન પાન-૭ પર

Certificate Course in
Admission OPEN
Event Management
Drama & Theatre
Gujarat Technological University
3 months | Very Nominal Fees | 70% Practical
Placement Guaranteed | National & International Exposure
Varenyam
Center For Excellence
Other Learning Programs :
› Entrepreneurship Development
› Soft Skills for various industries
› Management Programs for Team Leaders
› Learn through Theater
› Creative Writing
1st Floor, Community Centre, Janadhar Complex, GIFTCITY, Gandhinagar
96486 96586

શિક્ષકો જોઈએ છે
ધોરણ-૩ થી ૮ (બધા જ વિષયો માટે)
(વોક ઈન ઈન્ટરવ્યુ)
તા. ૧૭-૭-૨૦૨૩ અને ૧૮-૭-૨૦૨૩
સમય : ૯-૦૦ થી ૧૨-૦૦
બાશ્રી વસંતકુંવરબા પ્રાથમિક વિદ્યાલય
દત્ત મંદિર પાસે, સેક્ટર-૨૮, ગાંધીનગર
મો. 8141824439

નામ બદલેલ છે
જુનું નામ : બારોટ વસંતકુમાર દશરથલાલ, નવું નામ : બ્રહ્મભટ્ટ વસંતકુમાર દશરથલાલ
સરનામું :
એ૧૨, સિદ્ધી એપાર્ટમેન્ટ, ઓએનજીસી ઓફિસ, ચાંદખેડા, અમદાવાદ-૩૮૨૪૨૪

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
Pidilite Roff TILE & STONE FIXING EXPERT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com